# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧-૬-૨૦૨૩

- **શું ગુજરાત માં મેડિકલ એજ્યુકેશન કરતા બીકોમ, બીએ અને બીબીએ ભણવું વધારે મોંઘુ?**
- **પ્રાઈવેટ યુનિવર્સીટી દ્વારા કરાઇ રહી છે ઉઘાડી લૂંટ, ઉઘરાવે છે વિદ્યાર્થી દીઠ એક મિલિયન કરતા વધારે ફી.**
- **શું સરકાર એ પ્રાઈવેટ યુનિવર્સિટી ને વિદ્યાર્થીઓ - વાલીઓ ને લુંટવાનો પરવાનો આપ્યો છે?**
- **સરકાર તાત્કાલિક રિટાયર્ડ જજ ની દેખરેખ માં ફી નિયમન કમિટી નીમે તેવી ઉગ્ર માંગ.**
- **અલગ અલગ કોર્સ માં વાર્ષિક ૪.૨ લાખ રૂ સુધી ની ફી ઉઘરાવવા માં આવી રહી છે, જ્યારે કોંગ્રેસ સરકાર માં બનેલ સરકારી કોલેજ ની એજ કોર્સ ની ફી વાર્ષિક ૨૧૯૦ રૂ**
- **ગુજરાત ની યુનિવર્સિટીઓ શિક્ષણ માં તો ટોપ યુનિવર્સિટી ક્લબ માં ભલે ના આવે પણ વિદ્યાર્થીઓ ને લૂંટવા માટે મિલિયન ફી ક્લબ માં જવાની ઘેલછા લાગી છે.**

આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ વાર્તા ને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયા એ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય માં શિક્ષણ ના વેપારીકરણ અને ખાનગીકરણ ની ઘેલછા માં શિક્ષણ ની ફી આસમાને પોહચાડી છે. ગુજરાત રાજ્ય માં ૧૦૮ જેટલી પ્રાઈવેટ યુનિવર્સિટી ને મંજુરી આપી જાણે તેમને વિદ્યાર્થીઓ ને લુંટવાનો પરવાનો આપ્યો હોય તેવી પરિસ્થિતિ ઊભી કરી છે. પ્રાઈવેટ યુનિવર્સિટી દ્વારા અલગ અલગ કોર્સ માં વિદ્યાર્થી દીઠ એક મિલિયન કરતા વધારે ફી ઉઘરાવવા માં આવી રહી છે. ગુજરાત ની યુનિવર્સિટીઓ ભલે શિક્ષણ માં ટોપ યુનિવર્સિટી ક્લબ માં ના આવે, પણ વિદ્યાર્થીઓ - વાલીઓ ને લૂંટવા માં વન મિલિયન ફી ક્લબ માં જવા ની ઘેલછા છે.

ગુજરાત ની પ્રાઈવેટ યુનિવર્સિટીઓ દ્વારા બીકોમ , બીએ અને બીબીએ ની ફી મેડિકલ ની ફી કરતા પણ મોંઘી. ગુજરાત ની ૧૦૮ પૈકી કેટલીક યુનિવર્સિટી ના ઉદાહરણ રૂપે કેટલાક કોર્સ ની ફી જોઈએ અને સરકાર ની કોલેજો ની ફી જોડે સરખાવવમાં માં આવે તો મોટો તફાવત જોવા મળે છે . અમદાવાદ યુનિવર્સિટી ના જે બિલ્ડિંગ માં સવારે બીકોમ માં વાર્ષિક ૪.૨ લાખ રૂ ફી ઉઘરાવવા માં આવે છે, તે જ કેમ્પસ માં બપોરે ગુજરાત યુનિવર્સિટી ની ફી આશરે ૨૫૦૦ ઉઘરાવવા માં આવી રહી છે. નિરમા યુનિવર્સિટી જેને ટોકન રૂપિયે શિક્ષણ માટે જમીન મેળવેલ તે સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ જોડે બીકોમ માં વાર્ષિક ૩.૪૨ લાખ ઉઘરાવવા માં આવી રહ્યા છે. કર્ણાવતી યુનિવર્સિટી દ્વારા બીએ ના વાર્ષિક ૨ લાખ રૂપિયા ઉઘરાવવા માં આવી રહ્યા છે. પંડિત દીનદયાળ ના અંત્યોદયના સિધ્ધાંત નો પ્રચાર ભાજપ ના નેતા કરતા હોય છે, તેમના નામે બનેલ પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી માં બીકોમ અને બીએ જેવા કોર્સ માં સેમેસ્ટર દીઠ ૧.૩૫ લાખ ફી ઉઘરાવવા માં આવી રહી છે. કોંગ્રેસના શાસન માં બનેલ સરકારી અને ગ્રાન્ટેડ કોલેજ આજે પણ વાર્ષિક ૨૦૦૦ થી ૨૫૦૦ ની વચ્ચે ભણાવવા માં આવે છે. વિદ્યાર્થીનીઓ ને ટ્યુશન ફીસ પણ માફ કરવા માં આવી છે. વિદ્યાર્થીઓ ને આ પ્રકારે ખુલ્લે આમ લૂંટવા માં આવે અને સરકાર ચૂપ બેસે તે કેટલું યોગ્ય? ગુજરાત સરકાર દ્વારા તાત્કાલિક રીટાયર્ડ જજ ની ફી નિયમન કમિટી ની નિમાણુક થાય અને વ્યાજબી ફી નક્કી થવી જોઈએ. અલગ અલગ હેડ હેઠળ જે પ્રકારે ખાનગી ફી લેવાય છે તેના ઉપર પણ અંકુશ લાવવો જરૂરી છે. સરકાર શું આ શિક્ષણ માફિયા બનેલ ખાનગી યુનિવર્સિટીઓ ઉપર અંકુશ લાવશે? વન મિલિયન ફી ક્લબ

વાળી ખાનગી યુનિવર્સીટી નાં સત્તાધીશો થી સરકાર કેમ ગભરાય છે? શિક્ષણ માફીયાઓથી ગુજરાતની જનતાને બચાવવા તે સરકારની જવાબદારી હોવી જોઈએ પણ સરકાર શિક્ષણ માફીયાઓના ઘુટણીયે પડી હોય તેવુ લાગે છે. ખાનગી યુનિવર્સિટીઓ પાછળ ગુજરાતના મુખ્ય ઉદ્યોગપતિઓના હાથ હોવાથી સરકાર આંખો મીચીને વિદ્યાર્થીઓ-વાલીઓને લુંટાતા જોઈ રહી છે.

| પ્રાઈવેટ યુનિવર્સિટી | બી.કોમ | બી.એ. | બી.બી.એ. |
|---|---|---|---|
| અમદાવાદ યુનિવર્સિટી (વન મીલીયન ફી કલબ) | ૧૬,૮૦,૦૦૦ (ચાર વર્ષ) | ૧૬,૮૦,૦૦૦ (ચાર વર્ષ) | ૧૬,૮૦,૦૦૦ (ચાર વર્ષ) |
| પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સિટી (વન મીલીયન ફી કલબ) | ૧૦,૮૦,૦૦૦ (ચાર વર્ષ) | ૧૦,૮૦,૦૦૦ (ચાર વર્ષ) | ૧૦,૮૦,૦૦૦ (ચાર વર્ષ) |
| નિરમા યુનિવર્સિટી (વન મીલીયન ફી કલબ) | ૧૩,૬૮,૦૦૦ (ચાર વર્ષ) | - | ૧૯,૬૫,૦૦૦ (પાચ વર્ષ ઈન્ટીગ્રેટેડ) |
| કર્ણાવતિ યુનિવર્સિટી | - | ૮,૨૫,૦૦૦ (ચાર વર્ષ) | ૮,૨૫,૦૦૦ (ચાર વર્ષ) |
| ઈન્ડસ યુનિવર્સિટી | ૨,૦૦,૦૦૦ (ચાર વર્ષ) | - | ૨,૫૫,૦૦૦ (ત્રણ વર્ષ) |

નોંધઃ ૧૦૮ યુનિવર્સિટી પૈકી ઉદાહરણ રૂપે માત્ર પાંચ મુકી છે. અન્ય ૧૦૩ પણ આજ રીતે મોંઘી ફી લઈને પ્રજાને લુટી રહી છે.

| સરકારી યુનિવર્સિટી | બી.કોમ | બી.એ. | બી.બી.એ. |
|---|---|---|---|
| ગુજરાત યુનિવર્સિટી ગર્વમેન્ટ અને ગ્રાન્ટ ઈન એઈડ | છોકરા-૧૦,૦૪૦<br>છોકરીઓ-૫,૨૪૦<br>(ચાર વર્ષ) | છોકરા-૮,૭૬૦<br>છોકરીઓ-૬,૯૬૦<br>(ચાર વર્ષ) | - |
| ગુજરાત યુનિવર્સિટી સેલ્ફ ફાઈનાન્સ | ૬૦,૦૦૦ (ચાર વર્ષ) | ૮૪,૦૦૦ (ચાર વર્ષ) | ૧,૦૪,૦૦૦ (ચાર વર્ષ) |
| ભાવનગર યુનિવર્સિટી | ૯,૨૦૦ (ગ્રાન્ટેડ-ચાર વર્ષ)<br>૧૭,૨૦૦ (એચ.પી.પી.) | ૧૭,૨૦૦ (ગ્રાન્ટેડ-ચાર વર્ષ)<br>૮૦,૦૦૦ (સેલ્ફ ફાઈનાન્સ) | ૮૦,૦૦૦ (ચાર વર્ષ) |
| એમ.એસ. યુનિવર્સિટી | છોકરા-૩૦,૮૮૦<br>છોકરીઓ-૨૬,૪૮૦<br>(ચાર વર્ષ) | છોકરા-૩૧,૨૮૦<br>છોકરીઓ-૨૭,૨૮૦<br>(ચાર વર્ષ) | ૧,૧૨,૦૦૦<br>૨,૩૨,૦૦૦<br>૩,૯૨,૦૦૦<br>(કટ ઓફ વાઈઝ ચાર વર્ષ) |
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | ૮,૬૦૦ (ગ્રાન્ટેડ)<br>૬૦,૦૦૦ (સેલ્ફ ફાઈનાન્સ)<br>(ચાર વર્ષ) | ૮,૬૦૦ ગ્રાન્ટેડ (ચાર વર્ષ) | ૮૦,૦૦૦ (ચાર વર્ષ) |
| ઉત્તર ગુજરાત યુનિવર્સિટી | ૧૨,૦૦૦ (ગર્વમેન્ટ)<br>૨૦,૦૦૦ (ગ્રાન્ટેડ)<br>૪૦,૦૦૦ (સેલ્ફ ફાઈનાન્સ)<br>(ચાર વર્ષ) | ૮,૦૦૦ (ગર્વમેન્ટ)<br>૧૬,૦૦૦ (ગ્રાન્ટેડ)<br>૩૬,૦૦૦ (સેલ્ફ ફાઈનાન્સ)<br>(ચાર વર્ષ) | ૮૦,૦૦૦ થી ૧,૨૦,૦૦૦<br>(ચાર વર્ષ) |

નોંધઃ કોલેજ અને યુનિવર્સિટીની અંદાજીત ફી આ સિવાયની અલગ અલગ હેડ હેઠળ અન્ય ફી પણ લેવાય છે.

પાર્થિવરાજસિંહ કઠવાડિયા
પ્રવકતા, મો. 9898134146